# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-04-2026** **Midday : 2.30 to 2.35pm**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**---------------------------------------------------------------**

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# AKASHVANI AMDAVAD DAY

"આકાશવાણી" દેશની જાહેર પ્રસારણ સેવા કે, જે દરેક ભારતીય માટે વિશેષ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. "આકાશવાણી" આ એક શબ્દ નહીં પણ દેશના લોકોની લાગણી છે. આજના ડિજિટલ યુગમાં પણ આકાશવાણીએ વિશેષ શૈલીથી શ્રોતાઓને પોતાની સાથે જકડી રાખ્યા છે. ખાસ કરીને પ્રજ્ઞાચક્ષુ લોકો માટે તો આકાશવાણી આશીર્વાદરૂપ માધ્યમ બની ગયું છે. વર્ષો જૂની પરંપરા મુજબ, અમદાવાદ આકાશવાણીએ પણ પોતાના શ્રોતાઓમાં પોતાની અલગ ઓળખ બનાવી છે. ત્યારે આજે આકાશવાણી અમદાવાદ પરિસરમાં આકાશવાણી અમદાવાદ કેન્દ્રના 77-મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી.

સાથે જ આકાશવાણી અમદાવાદે 78-મા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે. આ પ્રસંગે આકાશવાણી પરિસરમાં વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમ યોજાયા.

આકાશવાણી અમદાવાદ કાર્યાલયના વડા એન. એલ. ચૌહાણ, આકાશવાણી અમદાવાદ સમાચાર વિભાગના વડા અને ડેપ્યુટી ડાયરેક્ટર ડૉક્ટર ચિરાગ ભોરણિયા સહિતના અધિકારીઓ પણ ઉજવણીમાં જોડાયા હતા. આ અંગે આકાશવાણી અમદાવાદ કાર્યાલયના વડા એન. એલ. ચૌહાણે શ્રોતાઓને આકાશવાણી અમદાવાદના સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવતા વિશેષ સંદેશ આપ્યો હતો.

**(BYTE: N. L. CHUHAN, DDG, AKASHVANI AHMEDABAD)**

# ELECTIONS NOMINATIONS

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મહાનગરપાલિકા અને નગરપાલિકાનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. ગઇકાલે કેટલાક 43 ઉમેદવાર બિનહરીફ થતાં હવે 15 મહાનગરપાલિકાઓમાં 3 હજાર 146 ઉમેદવારો વચ્ચે સીધો મુકાબલો થશે. જ્યારે 84 નગરપાલિકામાં 5 હજાર 449 ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે. નગરપાલિકાઓમાં 467 ઉમેદવારોએ ઉમેદવારી પત્રો પરત ખેંચતા કુલ 375 ઉમેદવારો બિનહરીફ થયા છે. મહેસાણા જિલ્લા પંચાયતમાં હવે 100 ઉમેદવારો રહ્યા. ભાવનગરની 10 તાલુકા પંચાયતની ચૂંટણીમાં હવે 206 બેઠકો પર ચૂંટણી થશે જેમાં 643 ઉમેદવારો મેદાનમાં છે. જ્યારે ભાવનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં 52 બેઠકો પર કુલ 150 ઉમેદવારો મેદાનમાં છે. પોરબંદર મહાનગરપાલિકામાં 11, જિલ્લા પંચાયતમા 2 અને ત્રણ તાલુકા પંચાયતમાં 7 બેઠક બિનહરીફ થઈ હોવાનું જિલ્લા ચૂંટણી અધિકારી એસ. ડી. ધાનાણીએ જણાવ્યું.

**(BYTE : S. D. DHANANI, DISTRICT ELECTION OFFICER)**

પંચમહાલ જિલ્લાની ગોધરા નગરપાલિકામાં 21 ઉમેદવારી પરત ખેંચાતા હવે 40 બેઠકો પર 117 ઉમેદવારો મેદાનમાં છે. મહીસાગર જિલ્લાની 2 તાલુકા પંચાયત બેઠકો બિનહરીફ થતા 148 તાલુકા પંચાયત બેઠકો અને 28 જીલ્લા પંચાયત બેઠકો પર ચૂંટણી યોજાશે. ડાંગ જિલ્લા પંચાયતની કુલ 18 બેઠકો અને તાલુકા પંચાયતની કુલ 48

**બેઠકોમાંથી એક બેઠક બિનહરીફ થતા બાકીની 47 બેઠકો પર ભાજપા અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર જોવા મળશે.**

# BJP CONG STAR CAMPAIGNER

રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે ભાજપ અને કૉંગ્રેસ દ્વારા સ્ટાર પ્રચારકના નામ જાહેર કરાયા છે. બંને પક્ષે રાજ્ય ચૂંટણી આયોગમાં સ્ટાર પ્રચારકની યાદી જમા કરાવી. ભાજપે રાજ્યના ચાર ઝોનમાં જાહેર કરેલા 20-20 પ્રચારકના નામમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ, ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, સંગઠન મહામંત્રી રત્નાકરજી અને પરશોત્તમ રૂપાલા જેવા અગ્રણીઓનો સમાવેશ કરાયો છે.

જ્યારે કૉંગ્રેસે જાહેર કરેલા 40 સ્ટાર પ્રચારકમાં મુકુલ વાસનિક, અમિત ચાવડા, તુષાર ચૌધરી, ભરતસિંહ સોલંકી, જગદીશ ઠાકોર, શક્તિસિંહ ગોહિલ અને પરેશ ધાનાણી જેવા નેતાનો સમાવેશ કરાયો છે.

# ELECTION CAMPAIGN

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો પ્રચાર પૂરજોશમાં થઈ રહ્યો છે. ભાજપ, કોંગ્રેસ સહિતના પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે કચ્છ જિલ્લામાં પ્રચાર કરી રહ્યા છે. શ્રી પટેલે આજે અબડાસાના દયાપર ખાતે વિજય સંકલ્પ સભા સંબોધી. જ્યારે બીજી તરફ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિતના પક્ષો પ્રચાર કરી રહ્યા છે, કોંગ્રેસે આજે અમદાવાદ મહાનગરપાલિકા માટે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. જેમાં શહેરના વિકાસ માટે વિવિધ પરિયોજનાની જાહેરાત કરવામાં આવી છે.

# SEC BETHAK

રાજ્ય ચૂંટણી કમિશનર એસ મુરલીક્રિષ્ના આજે તમામ જિલ્લા કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનર સાથે વર્ચ્યુઅલી બેઠક યોજશે. બેઠકમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની કામગીરીની સમીક્ષા થશે.

આ ઉપરાંત બેઠકમાં મતદાન મથકો, સુરક્ષા સહિતની બાબતો અંગે પણ ચર્ચા થશે.

# GCCI EXPO CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં ગુજરાત વેપાર અને ઉદ્યોગ મહામંડળ – G.C.C.I. દ્વારા યોજાયેલા ત્રણ દિવસના વાર્ષિક વેપાર પ્રદર્શનનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ ગુજરાત વિઝન ગ્લૉબલ ઍમ્બિશનની વિષયવસ્તુ હેઠળ યોજાઈ રહેલું આ પ્રદર્શન સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – MSME તથા યુવા સાહસિકો માટે લોકલથી ગ્લોબલનું મંચ પૂરૂં પાડશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરના ઍક્ઝિબિશન સેન્ટર ખાતે 18 હજાર ચોરસ મીટરની જગ્યામાં 16થી વધુ વિવિધ ક્ષેત્રના સ્ટૉલ્સ સાથેના આ પ્રદર્શનમાં ઑટોમોબાઈલ, પુનઃપ્રાપ્ય ઉર્જા, આઈ.ટી., ઔષધીય અને કાપડ તથા કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. અને સાયબર સુરક્ષા જેવા વિષય પર ધ્યાન અપાશે.

# DAMAN CBI

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં કેન્દ્રીય તપાસ સંસ્થા-CBIએ પરિવહન વિભાગ સાથે સંકળાયેલા ભ્રષ્ટાચાર સંબંધિત આક્ષેપોને આધારે તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, એક વ્યક્તિએ નવા વાહનની નોંધણી કરાવવા માટે પ્રાદેશિક વહાનવ્યવહાર કચેરીનો સંપર્ક કર્યો હતો. જેમાં પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા ગેરવાજબી નાણાંની માગ કરવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો હતો. આ મામલે અરજદારે CBI સમક્ષ લેખિતમાં ફરિયાદ નોંધાવી હતી.